## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તું ચિંતા ન કર... આમ સીડી બહાર પડ્યેથી ચૂંટણી જીતાતી હોત તો... સની લીઓન જ જીતી જાય...!!

# શહેરની ફુટપાથ પર લારી-ગલ્લા ધારકોનો અડ્ડો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં તો દબાણકારોએ તંત્રને નાકે દમ લાવી દીધો છે. રાત્રે ન વધે તેટલા દબાણ દિવસે વધી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોનાઆંતિરીક માર્ગો પર લારી-ગલ્લા ગોઠવી દબાણકારોએ અજગરી ભરડો લીધો છે. ત્યારે હવે ધીમે ધીમે દબાણકારોની પસંદગી ફુટપાથ પર ઉતરી હોય તેવું લાગી રહ્યું છે. શહેરના ઘ-૨ વિસ્તારમાં ફુટપાથ નવુ ખાણીપીણી બજાર વિકસવા પામ્યું છે. ખાણીપીણી બજારને પગલે પોતાના બોર્ડ, ટેબલ સહિતની ચીજવસ્તુઓ ગોઠવી દેતા નાગરીકોને ચાલવા માટે પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. નાગરીકોને દબાણકારોના પગલે માર્ગ પર ચાલવાની ફરજ પડી રહી છે. ત્યારે તંત્રએ રાતોરાત ઉભા થયેલા દબાણકારો સામે લાલ આંખ કરીને તાત્કાલીક દબાણ હટાવી લેવાની જરુરીયાત ઉભી થવા પામી છે.

ગાંધીનગર શહેરના માર્ગો પર છેલ્લા ઘણા સમયથી દબાણે અજગરી ભરડો લીધો છે. જયારે શહેરમાં મોટા કાર્યક્રમો થવાના હોય ત્યારે દબાણ આપોઆપ અદ્રશ્ય થઈ જાય છે. તંત્રના અધિકારીઓને પણ માર્ગ પર એક પણ દબાણ જોવા ન મળે તેવી સ્થિતિ સર્જાય છે. માર્ગ ચોખ્ખા ચણક થઈ જાય છે. જયારે કાર્યક્રમ પૂર્ણ થતાની સાથે જ સાંજ ઢળતા જ ફટાફટ લારી-ગલ્લા ફરીવાર યથાવત ગોઠવાઈ જાય છે. દબાણ ઓછુ થવાની જગ્યાએ રોજબરોજ વધતુ જાય છે.નવા સેકટરોમાં મુખ્ય ગણાતા ઘ-૦ થી ઘ-૨ ની માર્ગની બંન્ને બાજુ લારી ગલ્લા ધારકોનો અડીંગો જમાવ્યો છે. જયારે સર્કલની આસપાસ પણ પાઉંભાજી, પકોડી, ચાઈનીઝ, પીઝા, દાબેલી, પુલાવ, સહિતની ખાણીપીણીની લારીઓ સાંજ ઢળતા જ ગોઠવાઈ જાય છે. નવા સેકટરના રહેવાસીઓને ચાલવા માટે તંત્ર દ્વારા ફુટપાથ બનાવાઈ છે પરંતુ લારીઓ ગોઠવાઈ જતા ના છુટકે વસાહતી ભાઈ બહેનોને માર્ગ પર ચાલવાની ફરજ પડે છે અથવા લારી આવતા નીચે ઉતરી ફરી પાછા ફુટપાથ પર ચાલે છે. ફુટપાથ પર લારીઓવાળા પોતાના ટેબલ ગોઠવી દે છે. જેથી નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે તંત્ર દ્વારા દબાણકારો સામે લાલ આંખ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ...ચાલો, ઠંડીમાં થરથરતાં જરૂરીયાતમંદોને હૂંફ પહોંચાડીએ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, સદવિચાર પરિવાર,અરુણોદય સેવા ટ્રસ્ટે માનવતાનો સાદ ઝીલ્યો છે. આ કાર્યમાં શિયાળાની કડકડતી ઠંડીમાં કામ કરતા શ્રમિકો તથા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ગરમ ધાબળા, સ્વેટર, પટ્ટા, ગરમ ટોપી, જેવા વસ્ત્રો પુરા પાડીને હુંફ આપવાનો નમ્ર પ્રયત્ન કરે છે. ૧૯૯૪થી આજ સુધી ૧,૭૨,૫૦૦ જરુરીયાતમંદોને આવી વિવિધ પ્રકારની સહાય પહોંચાડી છે. માનવતાના આ યજ્ઞમાં આપનો આર્થિક સહયોગ જરુરી છે.નીચે જણાવેલ સેવાભાવી પ્રતિનિધીને આપનો આર્થિક સહયોગ તા.૩૧-૧૨-૧૭ સુધીમાં પહોંચાડવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળે અપીલ કરી છે. શહેર વસાહત મહામંડળને ૨,૫૫,૦૦૦ પગરખાં વિના મૂલ્યે વિતરણ કરી ઈન્ડીયા બુક ઓફ રેકોડ્ઝમાં રેકોર્ડ નોંધાવેલ છે. ત્યારે નીચે જણાવેલ નામ સરનામે આપ આપનો આર્થિક સહયોગ મોકલી શકો છો. જેમાં પ્રમુખ શહેર વસાહત મહામંડળ અરુણભાઈ બુચ સે-૨૦ ફોન નં-૨૩૨૬૦૩૭૦, ૯૮૨૫૦૧૮૧૩૪, ભાનુભાઈ દવે સે-૨ મો-૮૧૪૦૭૬૨૨૬૮, આર.આર.ધામેચા સે-૪ સી, મો-૯૮૨૪૪ ૧૬૦૦૨, બી.એ.શુકલ સે-૮, મો- ૨૩૨૨૬૨૭૫, રેવાભાઈ પરમાર સે-૧૪, મો-૨૩૨૩૭૯૩૫, સે-૨૧ સી.પી.સોની ફોન- ૨૩૨૨૧૮૩૫, ઉદયભાઈ ત્રિવેદી કોલવડા મો-૯૯૨૪૫૧૫૬૪૯, કે.પી.પરમાર સે-૨૭, મો-૯૯૨૫૭ ૮૯૪૦૬, સેકટર-૩૦ કિશોર જીકાદરા મો-૯૮૭૯૪૭૫૧૩૦, તેમજ કુડાસણ ખાતે પ્રદિપભાઈ સોલંકી મો-૯૮૨૫૨૫૬૪૧૦નો સમાવેશ થાય છે.

# વી.વી.પેટની મતકાપલીની સંગ્રહશક્તિને ધ્યાને રાખી દરેક બુથમાં નિર્ધારિત જ મતદારો રહેશે

### મતદારોની સંખ્યામાં વધારો થતાં ૧૧૯ પૂરક મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

પ્રથમ વખત રાજયની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર વી.વી.પેટ મશીનમાં ૧૫૦૦ જેટલી જ કાપલીની સંગ્રહશક્તિ હોવાનો સ્વીકાર કરતાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સ્વૈને જણાવ્યું હતું કે મતદાન મથક માટે પંચે મતદારોની જે મર્યાદા નિયત કરેલ છે તેનું ચોકસાઈપૂર્વક અમલીકરણ કરવામાં આવશે.

આજે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતુ કે રાજ્યમાં ૧૧૯ પૂરક મતદાન મથક ઉભા કરવાની દરખાસ્તને કેન્દ્રીય ચૂંટણી પંચે મંજૂરી આપી છે.

તેમણે કહ્યુ હતુ કે રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચુક્યો છે અને મતદાનનો સમય પણ સવારે ૮ થી ૫ નો રાખવાનો જ પંચે નિર્ણય કર્યો છે.

તા. ૧-૭-૨૦૧૭ના રોજ મતદાર યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરવામાં આવ્યો તે સમયે રાજ્યમાં કુલ ૫૦,૧૨૮ મતદાન મથકો હતા. ત્યારબાદ તા. ૨૫-૯-૨૦૧૭ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધિ કરવામાં આવી હતી. તે સમયે મતદારોની સંખ્યામાં વધારો થયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં જયાં મતદાન મથક ખાતે નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૨૫૦થી વધી જતી હોય તેમજ શહેરી વિસ્તારમાં આવી સંખ્યા ૧૪૦૦થી વધી જતી હોય તેવા દરેક મતદાન મથક ખાતે પૂરક મતદાન મથક આપવાનું રહે છે. જિલ્લા ચૂંટણી અધિકારીઓ તરફથી તદનુસાર કુલ ૧૧૯ પૂરક મતદાન મથકોની દરખાસ્ત મોકલી આપવામા આવી હતી. જે દરખાસ્તને ભારતનાં ચૂંટણી આયોગે માન્ય રાખેલ હોઈ રાજ્યમાં હાલ કૂલ ૫૦,૨૪૭ મતદાન મથકો થાય છે.



ગાંધીનગરમાં વિવિધ શૈક્ષણિક અને સમાજિક સંસ્થાઓ તથા સામાજિક અગ્રણીઓ દ્વારા બાળદિનની હોંશભેર ઉજવણીના આયોજનો કરાયા હતા. ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડનં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલે સે-૨૮ના બાલોદ્યાનમાં અનાથ બાળકો સાથે બાળદિન ઉજવ્યો હતો. જેમાં સે-૨૫ના શિવમ એજયુકેશન ટ્રસ્ટના અનાથ બાળકોને વિવિધ રાઈડસની મોજ કરાવી હતી. આ પ્રસંગે બાળકોને ફ્રુટના વેપારી જલાબેન દ્વારા જામફળ, કલ્પનાબેન દ્વારા ભાજીપાઉં-મોહનથાળનું ભોજન તથા હર્ષાબા ધાંધલ દ્વારા આઈસ્ક્રીમની સેવા પુરી પડાઈ હતી.

# આજે મતદારયાદીમાં નામ નોંધાવવાનો છેલ્લો દિવસ

ગાંધીનગર વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૧૭માં વધુમાં વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેવા ઉમદા આશયથી મતદાર યાદીમાં નામ નોધવાની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૭ના રોજ મતદાર યાદીમાં નામ નોધાવા માટેનો છેલ્લો દિવસ છે. જેથી તમામ મતદારોએ પોતાના નામની નોંધણી મતદાર યાદીમાં કરાવી લેવા ખાસ અપીલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સતીશ પટેલે કરી છે.

મતદાર યાદીમાં નામ હશે, તો જ તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાનાર આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭માં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. તે ઉપરાંત તમામ મતદારોએ પોતાનું મતદાન યાદીમાં નામ છે કે નહી, તે પણ તપાસ લેવા ખાસ જણાવવામાં આવ્યું છે. મતદાર યાદીમાં નામ નોંધવા માટે સંબંધિત મામલતદાર કચેરીમાં ફોર્મ- ૬ ભરવા માટે અને મતદાર યાદીમાં નામ તપાસણી કરવા માટેનો આજે છેલ્લો દિવસ છે. મતદાર યાદીમાં નામ ન હોય તેવા મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે નહી તેવું પણ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.



## સે-૪ ગાર્ડનમાં યોજાઈ કાનૂની શિબિર

શહેરના સેકટર-૪ બગીચામાં ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા મંડળ દ્વારા સપ્તાહ ઉજવણીના ભાગરૂપે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર્સ સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ, જયરામભાઈ સોની, કે.કે. પટેલ, દિનેશભાઈ દવે, જિગિષાબેન ઉપાધ્યાય વગેરેએ ઉપસ્થિત રહી મફત કાનૂની સહાયતા, સિનિયર સિટીઝન કાયદો, બિમારી અને સાવચેતીના પગલા તેમજ નાગરિકોને સ્પર્શતી વિગતવાર માહિતી વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા દ્વારા માર્ગદર્શન પુરું પાડયું હતું.


# ડભોડામાં બાલદિન નિમિત્તે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડા, તા.૧૫

જિલ્લાના ડભોડા ખાતે શ્રી એમ.એચ. વિદ્યામંદિરમાં બાલદિન નિમિત્તે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાનૂની સેવાસત્તા મંડળના પી.એલ.વી. સુધીરભાઈ દેસાઈ તેમજ રાજુભાઈ ગજ્જરે બાલદિનનું મહત્વ સમજાવી બાળકોના અધિકારો વિષેની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. કાનૂની સેવા સત્તા મંડળની કામગીરીની કાર્યપધ્ધતિ અંગે જાણકારી પુરી પાડી હતી. વિદ્યામંદિરના પ્રિન્સીપાલ અશોકભાઈ મોદીએ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળા પરીવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને શિક્ષક હરેશભાઈએ સૌનો આભાર વ્યકત કરી બાળકોમાં કાનૂની વિશેની જાગૃતતા સમજ ઉભી કરવાના પ્રયાસને બિરદાવ્યો હતો.

## સરસ્વતી વિદ્યાલયે બાળ દિવસે ચિત્ર સ્પર્ધાનું આયોજન

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬બી ખાતે તા. ૧૪મી નવેમ્બરનાં રોજ બાળ દિવસ નિમિત્તે શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર ચિત્રો દોર્યા હતા. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



દવે દિયા, ઠાકોર પ્રિયા, પરમાર મોહિત, પરમાર મૌલી, ચૌધરી મીત, રાઠોડ અનિરુદ્ધ, મન્સૂરી સરફરાજ વગેરેની પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા.

# વિશ્વકર્મા એન્જિનીયરીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વર્તમાન વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડશે

ગાંધીનગર, તા.૧૫

વિશ્વકર્મા ગવર્ન્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજના વર્તમાન વિદ્યાર્થીઓને ઉદ્યોગ સક્ષમ અને કૌશલ્યદક્ષ બનાવવા માટે તાલીમ આપવાની નુતન પહેલ હાથ ધરી છે. આ પ્રોજકેટ અંતર્ગત વ્રજેશ ભાવસાર-વરિષ્ઠ મેનેજર, ન્યુમાસ્કેલ અને તેમની ટીમ ઉદ્યોગને આવશ્યક તકનીકી જ્ઞાન આપશે જ્યારે શ્રી દિગંબર પાંડે-મેનેજર, પીડબ્લ્યુસી ઈન્ડિયા અને તેની ટીમ મેનેજમેન્ટ સંબંધિત મદદરૂપ બનશે. આ શ્રેણીનું પ્રથમ વર્કશોપ ૧૮મી નવેમ્બરના રોજ ગોઠવવામાં આવેલ છે.

વીજીઈસીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આંતરરાષ્ટ્રીય પ્રકરણ દ્વારા વર્તમાન વિદ્યાર્થીઓને વિદેશમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અને એમ્પ્લોયમેન્ટ




પાસ આઉટ ઈજનેરોની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ ઉદ્યોગમાં સહેલાઈથી અનુકુળ થઈ શકતા નથી. પાસ આઉટ વિદ્યાર્થીઓમાં રહેલી કુશળતા અને કૌશલ્ય તથા ઉદ્યોગોની માંગ વચ્ચે સુમેળ લાવવા આ એક અનન્ય પ્રયાસ હાથ ધરવામાં આવશે. આચાર્ય ડો. આર. કે. ગજ્જરની અપીલ પર, વીજીઈસીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વીજીઈસીના વર્તમાન વિદ્યાર્થીઓની ગુણવત્તાને વધારવા માટે એક અનન્ય વ્યૂહરચના અપનાવી છે. તેઓએ વિવિધ કુશળતા અને કૌશલ્ય વિકસાવવા માટે વિવિધ ટીમો બનાવી છે. કૌશલ્ય અને ઉદ્યોગ દ્વારા આવશ્યક સોફ્ટ સ્કીલ્સ અંગે યોગદાન પ્રદાન કરશે. પલ્લવ મામતોરા, આઈટી કન્સલ્ટન્ટ અને તેની ટીમ વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ, ઈન્કયુબેશન સેન્ટર અને નવીન પ્રોજેક્ટ ડેવલપમેન્ટ અંગેની માહિતી આપશે. પારસ ગોજીયા-સહાયક ઈજનેર, ગુજરાત ક્લીનર પ્રોડકશન સેન્ટર અને તેની ટીમ ઉદ્યોગો માટે જરૂરી બ્રાંચ સંબંધીત કૌશલ્ય વિકાસ પર વર્કશોપ આપશે. દર શનિવારે આવા વર્કશોપ અભ્યાસ સમય ઉપરાંત ગોઠવાશે જે વિદ્યાર્થીઓના કૌશલ્યવિકાસ દ્વારા સંસ્થા અને ઈન્ડસ્ટ્રી વચ્ચેનું અંતર ઘટાડવામાં માટે ક્યાં શ્રેષ્ઠ વિકલ્પો છે અને તે માટે કેવી રીતે અરજી કરવી તેનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરૂ પાડશે. ૩૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ પ્રકરણ સાથે કામ કરવા માટે તૈયાર છે. વધુમાં, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કંપનીઓનો એક સંપૂર્ણ ડેટાબેઝ બનાવવા માટે મદદ કરશે જેની સાથે તેઓ અને તેમના મિત્રો જોડાયેલા છે. ડેટાબેસને એકસેસ કરીને, વિદ્યાર્થીઓ વિશ્વભરમાં ગમે ત્યાં અપેક્ષિત કંપનીઓમાંથી સંબંધિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે કનેકિટવિટી મેળવી શકશે. ટૂંકમાં, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વર્તમાન વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી સાથે જોડવાનો સેતુ પુરો પાડશે.

# ગાંધીનગરના પનઘટની કેરળમાં નૃત્યોની રમઝટ

### પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા અને ડો. રીઝવાન કાદરીના વક્તવ્યો યોજાયા : ગાંધીનગરના પનઘટ ગૃપે વિવિધ કૃતિઓ રજૂ કરી

ગાંધીનગર, તા. ૧૫

કેરળના એલ્લિપ્પી ખાતે તા. ૧૧ અને ૧૨ નવેમ્બર દરમ્યાન ગુજરાતી હેરિટેઝ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગરની પનઘટ સંસ્થા દ્વારા ગરબો, હુડો, રાસ, ડાંગી નૃત્ય સહિત ગ્રાન્ડ ફિનાલે નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

અલાપુઝા ખાતેની ગુજરાતી હિતવર્ધક વિદ્યાશાળા દ્વારા આયોજિત આ વર્કશોપનું ઉદ્દ્ઘાટનમાં કેરળના પ્રવાસન, સહકાર અને દેવસ્થાન મંત્રી કડકાપલ્લી સુદર્શન, નાણાં અને કોયર મંત્રી ટી.એમ. થોમસ ઈઝાક તથા નાગરિક પુરવઠા મંત્રી પી. થીલ્લોથમન ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સંયુક્ત સચિવ ભાવેશ એરડા, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, પુરાતત્વ વિભાગના નિયામક વાય.એસ. રાવતનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં અમદાવાદની સ્વામિનારાયણ કોલેજના ઈતિહાસના પ્રોફેસર ડૉ. રીઝવાન કાદરી પણ ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપમાં ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં ભવાઈ, ગોફ રાસ, બેડા રાસ, તલવાર રાસ, ટીપ્પણી તેમજ પ્રાચીન ગરબાનો સમાવેશ થાય છે. ગાંધીનગરના પનઘટ ગૃપ દ્વારા રાજ્યકક્ષાની વિજેતા કૃતિ પ્રાચીન ગરબો રજૂ કરાયો હતો.




અત્રે ઉલ્લેખનીય છે કે એલ્લિપ્પી શહેરમાં પ્રાચીન સમયમાં ત્રાવણકોટના રાજા દ્વારા ગુજરાત-મુંબઈના ભાટિયા વૈષ્ણવ વાણિયા, લોહાણા, કચ્છીમેમણ, પારસી, જૈન વગેરે સમાજના સાહસિક વેપારીઓને આમંત્રણ આપી મરી-ગરમ મસાલા તથા સુકા મેવાના વેપાર માટે પ્રોત્સાહિત કર્યા હતા. ડચ સાશકોએ કેરળના કુદરતી જળમાર્ગોને કેનાલનુ નેટવર્ક બનાવી વેપાર વાણિજ્યને વેગ આપ્યો હતો. આ શહેરમાં ગુજરાતી પ્રજાની ઈમારતો, સ્થાપત્યો, મંદિરો, ફેક્ટરી-ગોડાઉન વગેરેને હેરિટેઝ પ્રવાસનમાં તબદીલ કરવામાં આવ્યો છે તેમજ જેટી-ફેકટરીઓનું આધુનિકરણ કરીને શહેરને સમૃદ્ધ કરવા કેરળના મંત્રી થોમસ ઈઝાકે પ્રયત્નો હાથ ધર્યા છે.

# એમ.પી. ચૌધરી ટ્રસ્ટ દ્વારા હડાદ શાળાને ૧૦૦૦ પુસ્તકો અર્પણ કરાયા

ગાંધીનગર, તા.૧૫

એમ.પી. ચૌધરી ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા બનાસકાંઠાના હડાદ-પોશીના ગામની સેકેન્ડરી હાયર સેકન્ડરી કન્યા શાળાની લાયબ્રેરી માટે ૧૦૦૦ જરુરી પુસ્તકો અર્પણ કરાયા હતા. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ કિરીટભાઈ અધ્વર્યુના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. ચેરમેન મણીભાઈ ચૌધરી, હડાદ કન્યા શાળાના ટ્રસ્ટના પ્રમુખ, શિક્ષકભાઈઓ, સમદર્શન ટ્રસ્ટના સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

લાયબ્રેરીનો સ્કુલના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો લાભ લે છે. લાયબ્રેરીમાં ગ્રંથપાલની જગ્યા આ પુસ્તકો મળવાથી ભરાશે. વિદ્યાર્થીઓને તથા ગ્રામજનોને ઉપયોગી પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમ શ્રી એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ મણીભાઈ ચૌધરીએ જણાવ્યું છે.

# ઈસ્કોન અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના સંયુક્ત ઉપક્રમે નશામુક્તિ અને મૂલ્ય સશક્તિકરણ સેમિનાર યોજાયો

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, સંયુક્ત કુટુંબ, સાચુ શિક્ષણ અને ધર્માચાર્યોનું સાચું દિશાદર્શન યુવાનોને ખોટા રસ્તે જતા અટકાવી શકે છે. ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્સિયશનેશ (ઈસ્કોન) અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના સંયુક્ત ઉપક્રમે નશામુક્તિ અને મૂલ્ય સશક્તિકરણ સેમિનારમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આજના યુવાનો ઉર્જાથી સભર છે. આજના યુવાનો ભારતની તાકાત છે અને દેશ માટેની સાચી સંપત્તિ છે ત્યારે યુવાનોમાં નકારાત્મકતા ન પ્રવેશે અને




સકારાત્મકતા આવે તે માટે રચનાત્મક કાર્યો સાથે સાચી દિશામાં વાળવાના પ્રયત્નો થવા જોઈએ.